## જન્મદિને વધામણી



ડો. શંકરસિંહ રાણા



મયંક દવે
ટ્રસ્ટી, સુરમધુર કલાવૃંદ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૦ ૨૨૭૨૬



મૂળજીભાઈ પરમાર 'દધિ'
પ્રવક્તા, ગાંધીનગર સાહિત્યસભા
કોલમીસ્ટ, ગાંધીનગર સમાચાર
ડિરેક્ટર, માનવ વિકાસ ક્રેડિટ એન્ડ સપ્લાય કો-ઓ. સો. લિ.
ઉપપ્રમુખ, માનવ વિકાસ અનુ. જાતિ, જનજાતિ ફેડરેશન



બેલાબેન સંદિપભાઈ વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



ધ્રુવકુમાર સીતારામભાઈ પટેલ
ફિલ્મ સ્ટાર
મો. ૯૮૯૮૦ ૯૫૨૦૦



તુષાર જગદીશચંદ્ર દવે
પ્રમુખ, સંસ્કાર ગ્રુપ
મો. ૮૫૧૧૮ ૮૮૭૧૨



અંજના
હિતેશકુમાર પરમાર



મોઈનરઝા મહંમદહબીબ શેખ
મો. ૯૩૨૭૩ ૮૪૯૬૭

# સેફ્રોની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા 'એક શામ ગુરુજનો કે નામ' કાર્યક્રમ

### ડૉ. જગદીશ ત્રિવેદીએ શિક્ષણને હાસ્યની સાથે વર્ગખંડ માં પીરસીને ભણાવી શકાય અને બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકાય એ હાસ્ય શૈલીમાં સમજાવ્યું

ગાંધીનગર, તા. ૩૧

સેફ્રોની ડિગ્રી અને ડિપ્લોમા કોલેજ ખાતે 'એક શામ ગુરુજનો કે નામ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશ્વ વિખ્યાત એવા હાસ્ય કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદી ના સાનિધ્યમાં યોજાયો હતો. ડિગ્રી એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ ચિત્રલેખા નાહરે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી જી. ડી. પટેલ, સાબરકાંઠાના જિલ્લા શિક્ષણાધિકારી આર.એસ.





ઉપાધ્યાય સાથે ચાર જિલ્લાના આચાર્યો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ડૉ. જગદીશ ત્રિવેદીએ શિક્ષણને કેવી રીતે હાસ્યની સાથે વર્ગખંડ માં પીરસીને ભણાવી શકાય અને બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકાય એ હાસ્ય શૈલીમાં રજુ કર્યું હતું. એસ.પી.બી.પટેલ કોલેજના ઓડિટોરિયમમાં સર્વે ખૂબ પેટ પકડીને હસ્યા હતા.

આ સફળ આયોજન બદલ કોલેજના ટ્રસ્ટી કુશલભાઈ અમીન, ગુલાબભાઈ બામભણીયા અને દિપેનભાઈ ગાંધીએ સૌને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે ડિપ્લોમા એન્જિનિયરિંગ ના પ્રિન્સિપાલ એમ.એ. પટેલે આભાર વિધિ કરી હતી.

# પ્રેરણા વિદ્યાલયનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

સૅક્ટર-૫ એ ખાતે સ્થિત પ્રેરણા વિદ્યાલયનો સાંસ્કૃતિક કાર્યક્રમ તાજેતરમાં પંડિત દિનદયાલ વસાહત, રાયસણ ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અતિથિ તરીકે વસાહત પ્રમુખ રોહિતભાઈ દરજી, ઉપપ્રમુખ કનુભાઈ દેસાઈ, ખજાનચી નારાયણભાઈ પટેલ અને સાથી મિત્રો શુભેન્દુભાઈ, હસમુખભાઈ, કનૈયાલાલ તથા પ્રેરણા વિદ્યાલયના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓએ સુંદર વેશભૂષા સાથે મનોહર સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. ડાન્સ, પ્રાર્થના, રાજસ્થાની નૃત્ય, એકપાત્રીય અભિનય, અભિનય ગીત, ગરબાની અસરકારક પ્રસ્તુતિથી વિદ્યાર્થીઓએ



દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

વસાહત દ્વારા સઘળા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર સ્ટાફે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન આચાર્ય મનીષભાઈ ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

### માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા

# આજે ગાંધીનગર શહેરમાં પુસ્તક પરબનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં છેલ્લાં ચાર વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપૂર લાભ લે છે. તારીખ ૧ એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે. માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેમ કેળવાય તેવો તેનો શુભાશય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર ઉપલબ્ધ પુસ્તકો પૈકી બે પુસ્તકો અને બે સામયિક ભેટમાં લઈ જઈ શકે છે. ગુજરાતમાં ૮૦ જેટલાં સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા માટે કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, વાઘેલાભાઈ, રોહિણી પરમાર, રમેશચંદ્ર શ્રીમાળી અને દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

### બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

અમદાવાદમાં સ્થાપનાના ૭૫મા વર્ષમાંથી પસાર થયેલી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં પરિષદના પૂર્વ પ્રમુખ અને ન્યાયમૂર્તિ ડી.એ. દેસાઈના તૈલચિત્રનો અર્પણ વિધિ થયો, પરિષદ દ્વારા પ્રકાશિત સુખબોધાય સુભાષિતાનિ પુસ્તકનું વિમોચન થયું હતું. આ પ્રસંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ ગિરીશભાઈ નાણાવટી, રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન દિલ્હીના પૂર્વ કુલપતિ રાધાવલ્લભ ત્રિપાઠી, ગુજરાત યુનિવર્સિટી ભાષા ભવનના અધ્યક્ષ વસંતકુમાર ભટ્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટના પૂર્વ જજ મહેન્દ્ર પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

# જીટીયુમાં હવે ફેકલ્ટી પ્રમાણે એક જ ડીન કાર્યરત રહેશે

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં ઝોન પ્રમાણે ફેકલ્ટી ડીનની નિમણૂક કરાતી હતી, પરંતુ હવે આગામી દિવસોમાં ફેકલ્ટી પ્રમાણે એક જ ડીન રહેશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજયમાં ટેકનોલોજીકલ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવ્યા બાદ જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી ઈજનેરી, ફાર્મસી, ડિપ્લોમા, એમબીએ-એમસીએ કોલેજોને નવી યુનિવર્સિટીમાં સમાવી લેવાઈ છે. હાલમાં આ યુનિવર્સિટીમાં સૌથી વધુ એટલે કે ૫૦૦થી વધારે કોલેજો જોડાયેલી છે. સામાન્ય રીતે દરેક યુનિવર્સિટીમાં ફેકલ્ટી પ્રમાણે જ ડીનની નિમણૂક કરવામાં આવતી હોય છે. પરંતુ જીટીયુનું કાર્યક્ષેત્ર વિશાળ હોવાના કારણે એક જ ફેકલ્ટીમાં અલગ અલગ ઝોન પ્રમાણે ડીનની નિમણૂક કરવામાં આવી હતી. એટલે કે ડિગ્રી ઈજનેરી હોય તો તેમાં પાંચ ઝોન પ્રમાણે અલગ અલગ પાંચ ડીનની નિયુક્તિ કરાતી હતી. આ જ રીતે ડિપ્લોમા ઈજનેરી, એમબીએ-એમસીએ સહિતની જુદી જુદી ફેકલ્ટીઓ મળીને અંદાજ ૨૭ કરતાં વધારે ડીનની નિમણૂક કરવામાં આવી હતી.

કુલપતિ નવીનચંદ્ર શેઠ કહે છે દરેક યુનિવર્સિટીમાં ફેકલ્ટી પ્રમાણે એક જ ડીન હોય છે. યુનિવર્સિટીમાં હવે સ્ટેચ્યુટની રચના કરી દેવાઈ છે. જેના કારણે અન્ય યુનિવર્સિટીની જેમ જીટીયુમાં પણ હવે ઈજનેરી સહિતની દરેક ફેકલ્ટી પ્રમાણે એક જ ડીન રહેશે. આ ડીનના માર્ગદર્શન પ્રમાણે જ કાર્યવાહી કરવામાં આવશે.

### સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના ૧૨મા ધોરણના લીક થયેલા અર્થશાસ્ત્રના પ્રશ્નપત્રની પરીક્ષા હવે ૨૫મી એપ્રિલે લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)ના ૧૨મા ધોરણના લીક થયેલા અર્થશાસ્ત્રના પ્રશ્નપત્રની પરીક્ષા હવે ૨૫મી એપ્રિલે લેવાશે. જોકે, ૧૦મા ધોરણની ગણિતની પરીક્ષા લેવાશે કે કેમ તે અંગે સસ્પેન્સ યથાવત્ રહ્યું છે. અલબત્ત, આ પરીક્ષા લેવાશે તો તે દિલ્હી-એનસીઆર અને હરિયાણાના વિદ્યાર્થીઓને જ આપવાની રહેશે અને તે જુલાઈમાં કોઈ પણ એક તારીખે લેવામાં આવશે. બીજી બાજુ શુક્રવારે પણ દેશભરમાં બન્ને ધોરણનાં પેપર લીક થવાના મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓનો રોષ યથાવત્ રહ્યો છે.

માનવ સંસાધન મંત્રાલયના સચિવ (સ્કૂલ શિક્ષણ) અનિલ સ્વરૂપે જણાવ્યું છે કે અર્થશાસ્ત્રની પરીક્ષા બીજી વખત ૨૫ એપ્રિલે થશે. ૧૦મા ધોરણના ગણિતની પરીક્ષા અંગે હજુ સ્થિતિ સ્પષ્ટ નથી. આ અંગેની તપાસ ચાલી રહી છે અને આગામી ૧૫ દિવસમાં આ અંગેનો નિર્ણય લઈ શકાય છે. બીજી બાજુ પેપર લીકથી નારાજ વિદ્યાર્થીઓનું પ્રદર્શન સતત જારી છે. વિદ્યાર્થીઓની સાથે કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓએ પણ પ્રદર્શન કર્યું છે. તેમણે બોર્ડ પર લાપરવાહીનો આરોપ મુક્યો છે અને દોષિતો સામે આકરી કાર્યવાહીની માગણી કરી છે. ઉલ્લેખનીય છે કે લીકના ત્રણ દિવસ થઈ ગયા હોવા છતાં પોલીસ આ કેસમાં નક્કર કડી સુધી પહોંચી શકી નથી. દિલ્હી પોલીસ અત્યાર સુધી ૬૦થી વધુ લોકોની પૂછપરછ કરી ચૂકી છે. કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈના સભ્યોએ શુક્રવારે એચઆરડી મંત્રી પ્રકાશ જાવડેકરના નિવાસસ્થાન સુધી માર્ચની શરૂઆત કરી હતી. પરંતુ તેમને અટકાવી દેવાયા હતા. દિલ્હી પોલીસે આ કેસને ઉજાગર કરનારને ઓળખી બતાવવા માટે ગૂગલની મદદ માગી છે. આ 'વ્હિસલબ્લોઅર'એ આ ઘટના અંગે ફેક્સ, ઈમેઈલ, કુરિયર અને વ્હોટ્સએપ થકી સીબીએસઈને એલર્ટ કર્યા હતા. ઝારખંડ પોલીસે પેપર લીક મામલે છ વિદ્યાર્થીઓ, કોચિંગ સેન્ટરના એક માલિકને અટકમાં લીધા છે.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાની સોનગઢ કૉલેજમાં

# પોલિસ કૉન્સ્ટેબલની પરીક્ષા માટેની તાલીમ સંપન્ન





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા તાપી જિલ્લાની સોનગઢ કૉલેજમાં પોલિસ કૉન્સ્ટેબલની પરીક્ષા માટેની ૭ દિવસીય તાલીમ સંપન્ન કરવામાં આવી હતી. સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમિયાન દોડ, કસરત, રમતો અને ૧૧થી ૫ દરમિયાન ત્રણ સત્રમાં વિવિધ વિષયો ભણાવવામાં આવ્યા. બપોરે ૧ કલાકે ભોજન પણ આપવામાં આવ્યું.

તાલીમ માટે નિષ્ણાત તરીકે અરવિંદસિંહ વાઘેલા, સંદિપસિંહ ચાવડા અને ઊર્મિલા ઝણહાટ ઉપસ્થિત રહ્યાં હતાં. મિલિન્દ ગુપ્તેની દેખરેખ તથા કૉલેજ આચાર્ય રાજેશ પટેલના સાંનિધ્યમાં ૭૫ બહેનો તથા ૪૫ ભાઈઓએ ખૂબ ઉત્સાહપૂર્વક આ તાલીમમાં ભાગ લીધો હતો અને અંતિમ દિવસે ગદ્‌ગદિત થઈ ગયા હતા. ગામના ૪૦ વિદ્યાર્થીઓ ઉપરાંત દૂરથી આવતા વિદ્યાર્થીઓ પણ આ તાલીમમાં જોડાયા હતા, જેમને હૉસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. 'અબ જાગ ઊઠો, કમર કસો…' ગીત પણ તાલીમાર્થીઓએ કંઠસ્થ કર્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિના તમામ કાર્યકર્તાઓ ઉકાઈમાં રોકાયા હતા અને ૧૦ બહેનોને કૅનવાસ શૂઝ તથા ૧૦૦ વ્યક્તિઓને અભ્યાસ સાહિત્ય ભેટ ધરવામાં આવ્યું હતું.

# ચાંદની, ઓ મેરી ચાંદની... શ્રીદેવીના સંગીતમય ગીતોની બીન બજી ઊઠી







### કલાગુર્જરી દ્વારા આયોજિત 'ચાંદની' કાર્યક્રમમાં સતત ત્રણ કલાક સુદી શ્રીદેવી નજર સમક્ષ ફરતી રહી સિનેજગતની પ્રથમ લેડી સુપરસ્ટાર શ્રીદેવીને એનાં જ લોકપ્રિય ગીતો દ્વારા સ્વરાંજલિ અર્પવા સાથે એની ખટમીઠી વાતોની, ફિલ્મોની, કિસ્સાની, પ્રણયની પરિવારની વાતો સાથે પાવરપૅકડ પ્રોગ્રામ બની રહ્યો





'ચાંદની, ઓ મેરી ચાંદની...' ગીત સાથે પડદો ખૂલ્યો અને સફેદ વસ્ત્રોમાં સજ્જ સાજિંદાઓએ ધૂન છેડી અને જાણે શ્રીદેવીનો આખે યુગ ટાઉનહૉલમાં લાવી દીધો... આમ તો પંડિત શિવકુમાર શર્મા-સંતુર વાદક અને પંડિત હરિપ્રસાદ ચૌરસિયા-બાંસુરી વાદક આ બંનેની જોડી એટલે 'શિવ-હરિ' અને શ્રીદેવીને બે લોંગ લાસ્ટીંગ ફિલ્મો ચાંદની અને લમ્હેં બંનેનું સંગીત આમણે આપેલું. મધ્યાંતર સુધી તો શ્રીદેવી શિવ-હરિ એ જ કોમ્બિનેશન ચાલ્યા કર્યું. બંને શાસ્ત્રીય સંગીતના ખેરખાંનાં સંગીતના ગીતો-રિધમ પ્રસ્તુત કરવા સહેલાં નહોતાં પણ રિશીન સરૈયાએ રિધમ પર કમાલ કરતાં શ્રીદેવીને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી.

રંગ ભરે બાદલ સે, તેરે નૈનોં કે કાજલ સે ગીત જામ્યું, એમાં ફ્લ્યુટનો પિસ વગાડી અને પડધા પાછળથી શ્રીદેવીનો નટખટ અવાજ આપી આખુંય ગીત તાળીઓ મેળવી ગયું. એ પછી લમ્હેં, કલાકાર, જાગ ઊઠા ઈન્સાન, ચાંદની, નાગિન જેવી ફિલ્મોનાં મધુરાં ગીતો આવ્યાં.

શ્રીદેવીનાં ગીતો વિશે તો ગૂગલ મહારાજના શરણે જઈએ તો ઘણુંબધું મળી શકે. પણ આજે વાત કરવી છે આ કાર્યક્રમના સાજિંદાઓની... આ કાર્યક્રમના ૮૦ ટકા ગીતો એવાં જે સામાન્ય રીતે સ્ટેજ પર વાગતાં નથી એટલે રિશીન સરૈયા અને એની ટીમે ખાસ્સી મહેનત કરી હશે એ ઊડીને આંખે વળગે એવું હતું. મુખ્ય કારણ એનાં બધાં ગીતો રિધમ પર આધારીત, અનેક વેરાયટી સાથે હતાં. કાર્યક્રમનું સંગીત સંચાલન રિશીન સરૈયાએ કર્યું હતું, જેમાં એમણે પોતે તબલાં, ડ્રમ, હેન્ડ સોનિક, ડફ, મટકા, ઢોલ વગાડ્યાં. મુંબઈથી ખાસ બોલાવેલા જિજ્ઞેશ પટેલે કિ-બોર્ડ કંટ્રોલ રાખેલો જે પૈકી બે ફિલ્મોના ખાસ પિસ માટેની એમની સેન્સ જોરદાર રહી. ગોપન ભટ્ટ ફ્લ્યુટ સાથે હતા, હરિપ્રસાદ ચૌરસિયાએ વગાડેલા પિસ એમણે પણ બખૂબી વગાડી બતાવ્યાં. પાર્થ ધૂપકર ઈલેક્ટ્રીક ગિટાર અને મહેશ કાપડિયા બેઝ ગિટાર સાથે - બંને હવા હવાઈમાં જામ્યા. રાકેશ જાની ઑક્ટોપેડ પર ફૂલ ઍનર્જી સાથે હતા તો પાર્થ બલદાનીયા પર્કશન સાથે, દિનેશ બૈરવા તુંબા, ઢોલક, ઢોલ અને મિતેષ દેસાઈ કોંગો-બોંગો, ઢોલક સાથે એવી રિધમની જમાવટ કરી કે વાહ બોલી જવાય.

ખુદા ગવાહનું તુ મુઝે કુબૂલ... ગીત માસ્ટરપીસની જેમ પ્રસ્તુત થયું અને અંતમાં ગાયિકા દર્શના ગાંધી રડી પડ્યાં... સાચા કલાકારની આ જ નિશાની છે કે તેઓ સ્ટેજ પર કલાકારને આત્મસાત કરે છે. દર્શનાએ શ્રીદેવીનાં બધાં જ ગીતો ગાયાં. લતા, અનુરાધા, કવિતા, પામેલા, અલકા, ઈલા અરૂણ જેવાં સિંગર્સને પ્રસ્તુત કર્યા ને છતાંય બે-ચાર ગીતોને બાદ કરતાં એમણે ભરપૂર જમાવટ કરી.

કાર્યક્રમના સિંગર્સ દેવર્શી સોનેજી અને રાગ મહેતાને પણ ફૂલ માર્ક્સ આપવા પડે કારણ કે અરિજીતસિંગની જનરેશનના આ યુવાનોએ રફી, કિશોર, મહંમદ અઝીઝ, સુરેશ વાડકર, સુદેશ ભોંસલે, શબ્બીર કુમાર જેવા અવાજો માટે મહેનત કરી ને સફળ પણ કરી બતાવી. એકાદ ગીત તો વન્સમોર પણ થયું.

હિન્દી ફિલ્મોની પ્રથમ ફિમેલ સુપરસ્ટાર, ચાર વર્ષે ડેબ્યૂ, હિન્દી ઉચ્ચારના લોચા, ડબીંગ માસ્ટર બેલી નાઝ, મિથુન ચક્રવર્તી સાથેનું છૂપું લગ્ન, બોની કપૂર સાથેની પ્રેમકહાણી વગેરે વાતો સાથે કાર્યક્રમના સંચાલન મોહસીન શેખે સુંદર રસપાન કરાવ્યું. પથરીના ઑપરેશનથી પથારીવશ હોવા છતાં કાર્યક્રમ અને સ્ટેજને સન્માન આપતાં મોહસીન શેખે શ્રીદેવીના બાયોગ્રાફી શૅર કરાવી વાતનો-ગીતોનો તંતુ પકડી રાખ્યો હતો.

શિવરંજની દ્વારા આયોજિત ચાંદની કાર્યક્રમ ચાર ચાંદ લગાવી ગયો. શ્રીદેવીને શ્રદ્ધાંજલિ સાથે કલાકારોના યોગદાનને કારણે પણ આ કાર્યક્રમ યાદગાર બની રહ્યો. મિસ્ટર ઈન્ડિયા ફિલ્મના ફૂટબૉલવાળા મૅડલી ગીતથી ખુશખુશાલ અંત સાથે મસ્તીભરી શ્રીદેવીનો કાર્યક્રમ સંપન્ન થઈ ગયો.